**કલમ–૪(બી) (૧):–વેકસીનેશન બ્રાંચના અધિકારીઓ અને કર્મચારીઓની સત્તા અને ફરજોઃ–**

<u>(૧) નાયબ આરોગ્ય અધિકારી(વેકસીનેશન બ્રાંચ)</u>

- NHM અંતર્ગત રૂટીન ઇમ્યુનાઇઝેશન,વિટામીન–'એ'બાય એન્યુઅલ રાઉન્ડ,સ્કુલ ઈમ્યુનાઈઝેશન,પલ્સ પોલીયો ઈમ્યુનાઈઝેશન કાર્યક્રમ,એ.એફ.પી. સર્વેલન્સ,મીઝલ્સ સર્વેલન્સ જેવા રાષ્ટ્રીય કાર્યક્રમોનું આયોજન,સંકલન,સુપરવીઝન તથા અમલીકરણની કામગીરી તથા મીઝલ્સ જેવા રોગ નાબુદી અભિયાનમાં સંકલનની કામગીરી તેમજ સ્ટોકનું સુપરવીઝન તેમજ સ્થાનીક કક્ષાએ/રાજય સરકાર સાથે પત્ર વ્યવહાર તથા રીપોટીંગની કામગીરી.
- કુદરતી આફત જેવી કે રેલ,વાવાઝોડુ,ભુકંપ જેવી આફતો સામે એપેડેમીક કંટ્રોલ યુનીટ હેઠળ મોબાઈલ મેડીકલ સર્વેલન્સ ટીમોનું આયોજન સંકલન સુપરવીઝન તથા અમલીકરણની કામગીરી તેમજ સ્થાનીક કક્ષાએ તથા રાજય સરકાર સાથે પત્ર વ્યવહાર તથા રીપોટીંગની કામગીરી.
- કોઈ પણ એપેડેમિકના પ્રિવેન્ટીવ મેઝર્સની કામગીરી
- વહીવટી કામગીરી જેવી કે ઈનવર્ડ,આઉટ વર્ડ,સર્વિસ બુક મેન્ટેઈન,બીલ,જનરલ એડવાન્સ રીક્રુપમેન્ટ,ગ્રાન્ટની કામગીરી,આરટીઆઈ–૨૦૦૫ અંર્તગત સમય મર્યાદામાં અરજદારને માહિતી પુરી પાડવી,વિગેરેની સુપરવીઝનની કામગીરી.
- તમામ અર્બન હેલ્થ સેન્ટર ખાતેની સંકલનની કામગીરી
- ઉપરી અધિકારી તરફ થી મળતી સુચના મુજબ ની કામગીરી.

<u>(૨) નાયબ આરોગ્ય અધિકારી(પબ્લીક હેલ્થ ઈન્ટેલીજન્ટસ)</u>

- જાહેર આરોગ્ય ને લગતા ડેટાબેઝ અને સંબંધિત પ્રોજેકટસ નું સુકલન,વિશ્લેષણ અને અર્થઘટન કરવું અને જરૂર પડયે નીતિ વિષયક નિર્ણયો માટે સુચના રજુ કરવા.
- સરકારી અને અન્ય ઈન્ટેલીજન્ટસ ડોમેન્સ દ્વારા જાહેર આરોગ્યની ઘટનાઓ પર માહિતી એકત્ર કરીને તેનું નિરીક્ષણ કરીને વૈશ્વિક સ્વાસ્થય જોખમો જેવા કે કોવીડ ૧૯, સીઝનલ ફલુ વિગેરેનું નિરિક્ષણ કરવું તેમજ આરોગ્ય વિભાગ સાથે સંકળાયેલ વિભાગો જેવા કે વી.બી.ડી.સી. વિભાગ, વોર્ડ અને સેનીટેશન, કોમ્યુનીટી મેડીસીન ડીપાર્ટમેન્ટ તથા સ્ટેકહોલ્ડરો સાથે સંકલન કરવું.
- જાહેર જનતા, સમુદાય જુથો, સંસ્થાઓ અને સરકારી એજન્સીઓને આરોગ્ય વિષયક શિક્ષણ અને માહિતી પ્રદાન કરવી.
- મહામારીની સ્થિતિ ઉદભવે ત્યારે એનું દેખરેખ રાખવામાં અને ઉકેલવામાં મદદ કરવી.
- સમુદાયને અસર કરતા આરોગ્યના જોખમોને નાબુદ કરવા માટે સંશોધન કરવું જાહેર આરોગ્ય સમસ્યાઓ પર સંશોધન કરવા માટે જુથો , નીતિ નિર્માતાઓ અને સંસ્થાઓ સાથે વાતચીત કરવી.
- વ્યકિતઓ, સંસ્થાઓ અને જાહેર જનતાને ચોકકસ સ્વાસ્થય સંબંધિત ચિંતાઓ વિશે શિક્ષિત કરવું.

<u>(૧) ચીફ સેનેટરી ઈન્સ્પેકટર</u>

નાયબ આરોગ્ય અધિકારીશ્રી તથા મેડીકલ ઓફિસરશ્રીનાં માર્ગદર્શન હેઠળ કામગીરી

- એપેડેમીક કંટ્રોલ યુનીટ હેઠળ મોબાઈલ મેડીકલ સર્વેલન્સ ટીમોનું આયોજન સંકલન સુપરવીઝન તથા અમલીકરણની કામગીરી તેમજ સ્થાનીક કક્ષાએ રીપોટીંગની કામગીરી.

- વહીવટી કામગીરી જેવી કે ઈનવર્ડ,આઉટ વર્ડ,સર્વિસ બુક મેન્ટેઈન,બીલ,જનરલ એડવાન્સ રીફ્રુપમેન્ટ,ગ્રાન્ટની કામગીરી,આરટીઆઈ–૨૦૦૫ અંર્તગત સમય મર્યાદામાં અરજદારને માહિતી પુરી પાડવી,વિગેરેની સુપરવીઝનની કામગીરી.
- મોબાઈલ મેડીકલ ટીમના સુપરવીઝનની કામગીરી
- ઉપરી અધિકારી તરફથી મળતી સુચના મુજબ ની કામગીરી.

(૩) સેનેટરી ઈન્સ્પેકટર

- પલ્સ પોલીયો ઈમ્યુનાઈઝેશન કાર્યક્રમ, એ.એફ.પી.સર્વેલન્સ,મીઝલ્સ સર્વેલન્સ જેવા રાષ્ટ્રીય કાર્યક્રમોમાં એસ.એસ.આઈની કામગીરીનું સુપરવીઝન.
- કુદરતી આફત જેવી કે રેલ,વાવાઝોડુ,ભુકંપ જેવી આફતો સામે એપેડેમીક કંટ્રોલ યુનીટ હેઠળ મોબાઈલ મેડીકલ સર્વેલન્સ ટીમોમાં સર્વેલન્સ કર્મચારીનું સુપરવીઝન.
- ઉપરી અધિકારી તરફથી મળતી સુચના મુજબ ની કામગીરી.

(૪) સેનેટરી સબ ઈન્સ્પેકટર

- એપેડેમીક કંટ્રોલ યુનીટ હેઠળ મોબાઈલ મેડીકલ સર્વેલન્સ ટીમોમાં સર્વેલન્સ,કલોરીન ટેબલેટ વિતરણ,કલોરીન ટેસ્ટ,પાણીના નમુના લઈ પરીક્ષણ માટે લેબોરેટરીમાં મોકલવાની કામગીરી.
- ઉપરી અધિકારી તરફ થી મળતી સુચના મુજબ ની કામગીરી.

(૫) પ્રથમ શ્રેણી કલાર્ક

- ખાતામાં આવેલ આર.ટી.આઈ અરજી સંદર્ભે જરૂરી માહિતી પુરી પાડવી તથા આર.ટી.આઈ. સોફટવેર માં જરૂરી એન્ટ્રી કરવા અંગેની કામગીરી
- વેકસીનેશન બ્રાંચને લગતા તમામ વહીવટી કામગીરીને લગતા તમામ પત્રો અંગેના જવાબોની કામગીરી
- વેકસીનેશન બ્રાંચની તમામ વહીવટી કામગીરીનું સુપરવિઝન અંગેની કામગીરી
- ઉપરી અધિકારી તરફ થી મળતી સુચના મુજબ ની કામગીરી.

(૬) ત્રીજી શ્રેણી કલાર્ક

- વહીવટી કામગીરી જેવી કે ઈનવર્ડ,આઉટ વર્ડ,સર્વિસ બુક મેન્ટેઈન,એસ્ટાબ્લીસમેન્ટ તથા કર્મચારીઓની માહિતી મોકલવાની કામગીરી.
- વહીવટી કામગીરી જેવી કે તમામ બીલો બનાવવાની કામગીરી, જનરલ એડવાન્સ રીફ્રુપમેન્ટ તથા કર્મચારીઓની માહિતી મોકલવાની કામગીરી.
- ઉપરી અધિકારી તરફ થી મળતી સુચના મુજબ ની કામગીરી.